સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ઘરે ધેણાં કર્યાં ઘણાં, મૂળ ધણીની ખબર નથી!
આ પક્ષ-પલ્ટુઓને ધણી-ધોરીની ખબર નથી!
ખબર નથી અંતરાત્માની ને વેંચે છે જાતને -
સ્વમાન સચવાયના, સિદ્ધાંતની ખબર નથી!
(સત્તાની ઘેલછામાં અક્કલ વેંચી)

હાઈકુ

છાયું ધૂમ્મસ!
રાજકીય આકાશે -
ભાવિ ધૂંધળું...
(બંને પક્ષનું)

સત્તાના ભોગે
'શિસ્ત'ના પક્ષનું કર્યું -
એન્કૌન્ટર...
(થઈ ગ્યું 'ભાજગ્રેસ')

ચિંતન

ચિંતનઃ વિરલા જાનન્તિ ગુણાન્વિરલાઃ કુર્વન્તિ નિર્ધને સ્નેહમ્ ।

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

ગુણોની પરખ (કદર) કરનારા (ગુણજ્ઞજનો) વિરલ (બહુ થોડા) જ હોય છે. નિર્ધન ઉપર સ્નેહ કરનારા બહુ થોડા જ હોય છે. બીજાનું કાર્ય કરવામાં આનંદ લેનારા બહુ થોડા જ હોય છે અને બીજાને દુઃખે દુઃખી થનારા બહુ થોડા જ હોય છે.

૧૪ ઓગસ્ટ-૨૦૧૭ના ચિત્રલેખાના એક અંક સાહિત્યકાર ગુણવંત શાહે - માનનીય શંકરસિંહ વાઘેલા બાપુ વિષય પર સુંદર લેખ લખી એક 'કદર-દાન' તટસ્થ અને નિખાલસ સ્વભાવનું ઉત્તમ ચારિત્રણ કર્યું છે.

એકવાર અચાનક માત્ર 'સુપ્રભાતમ્' ની કોલમના પરિચયે મને ગાડી મોકલી 'ચા' પીવા બોલાવ્યો. અમે બે એકલા જ એમાં કોઈ સ્વાર્થ સૂચન નહીં - કેવી કદરદાની?!

સુવિચાર

- શ્રદ્ધામાં માગણી ના હોય, કંઈ પણ લાલચ રાખે છે તે અંધશ્રદ્ધા - **આમસૂત્ર**
- પતનશીલ મન ને અંતઃકરણનો સાચો અવાજ પણ દુશ્મન લાગે છે - **દાદા ભગવાન**
- જે પોતાની 'આજ' ને સંભાળે છે એના માટે આવતીકાલનું નિયંત્રણ સરળ બની જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભોગોમાં પડેલા માનવી, ઘાણીમાં પડેલા તલ અને ઘંટીમાં પડેલા દાણા એ ત્રણેની અંતિમ દશા એક છે - **દુલા ભાયા કાગ**
- સ્વતંત્રતા એક એવો સિક્કો છે જેની એકબાજુ પર 'આઝાદી' અને એની બીજી બાજુ પર 'જવાબદારી' લખેલ છે - **દાદા ધર્માધિકારી**
- આનંદની અસર દવા જેવી જ હોય છે - **ઓશો**
- આજનું ઔષધ : જે તરફનું માથું દુઃખતું હોય તે તરફના કાનમાં ઈથરના બે ટીંપા મુકવાથી દુઃખાવામાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

લાલબહાદુર શાસ્ત્રીને એક વખત એમના મિત્રે પૂછ્યું, 'તમે હંમેશા પ્રશંસા તથા પ્રસિદ્ધિથી દૂર રહો છો. સ્વાગત - સત્કાર સમારંભોમાં જવાનું ટાળો છો આવું કેમ ?' શાસ્ત્રીજીએ કહ્યું, 'ભાઈ એનું કારણ એ છે કે એક વાર લાલા લજપતરાયે મને કહ્યું હતું, 'જુઓ, લાલ બહાદુર, તાજમહાલ બનાવવામાં બે જાતના પથ્થર વપરાયા છે. એક તો કિંમતી આરસ, જેનો ઉપયોગ ગુંબજ બનાવવામાં તથા મુખ્ય ઈમારત બનાવવામાં થયો છે. બીજો એક સામાન્ય પથ્થર જે જેનો ઉપયોગ તાજ ના પાયામાં થયો છે, જેની તરફ કોઈનું ધ્યાન જ નથી જતું. આપણે જીવનમાં બીજી જાતનું પથ્થરનું જ અનુકરણ કરવું જોઈએ. પોતાની પ્રસિદ્ધિ, વખાણ અને આદર સત્કારથી સદા દૂર રહેવું જોઈએ. બસ!! એમની આ શિખામણ મારા નમાં શીલાલેખની જેમ કોતરાઈ ગઈ છે અને હું પોતાના જીવનમાં એ પાયાના પથ્થરને જ અનુસરું છું.'

બૂમરેંગ થયેલી રાજનીતિ

તંત્રીસ્થાનેથી...

રાજયસભાની ચૂંટણી કયારે આવે અને કયારે ચાલી જાય એની સાથે જનસાધારણને કશો જ સંબધ નથી રહેતો, કારણ કે એમાં મતલબનો અધિકાર માત્ર ધારાસભ્યોને હોય છે, જે પોતપોતાની પાર્ટીના આદેશ અનુસાર હાઈકમાન્ડે નક્કી કરેલા ઉમેદવારોને વોટ આપવા બંધાયેલા છે. અત્યાર સુધી ગુજરાતમાંથી રાજયસભામાં ચૂંટાઈ ગયેલા એવા કેટલાય ઉમેદવારો છે જેમને ગુજરાતનો આમ નાગરિક ઓળખતો નથી અથવા ફક્ત સેલિબ્રિટી સ્ટેટસને કારણે જાણે છે. કોંગ્રેસ શાસન દરમિયાન દક્ષિણ ભારતના પી.શિવશંકર અને પ્રણવ મુખર્જી અને ભાજપ શાસનકાળમાં અરુણ જેટલી કે સ્મૃતિ ઈરાની જેવા સાંસદોને ગુજરાતના ધારાસભ્યોએ રાજયસભામાં ચૂંટી મોકલ્યા હતા, પરંતુ કયારેય આ વખતે થયો એવો ઊહાપોહ બલકે અખબારી ભાષામાં કહીએ તો 'હાઈ વોલ્ટેજ ડ્રામા' પ્રજાએ જોયો ન હતો. અહમદ પટેલ ભરૂચની લોકસભાની બેઠક પરથી બે વાર ચૂંટાયા પછી એમને હરાવવા માટે ભારતીય જનતા પાર્ટીએ હિંદુત્વ ઉપરાંત આદિવાસી કાર્ડ ઊતારી ચંદુ દેશમુખને એમની સામે મેદાનમાં ઉતારેલા અને અહમદ પટેલ એ વખતે હારી ગયેલા. ગાંધી પરિવાર સાથેની નિકટતાને કારણે એ પછી સતત ચાર ટર્મથી એ ગુજરાતમાંથી રાજયસભાની બેઠક પર ચૂંટાતા રહ્યા હતા. આ વખતે પાર્ટીએ એમને પાંચમી ટર્મ માટે પસંદ કર્યા તે જ સૂચવે છે કે દિલ્હીમાં એમની કેટલી વગ પ્રવર્તે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મીઠા સંબંધો ધરાવતા આ ભરૂચી મુસ્લિમ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર પણ છે. પરંતુ અમિત શાહના હાથમાં ભાજપનું સુકાન આવ્યા પછી સંબંધોનાં સમીકરણ બદલાઈ ગયા છે. રાજકોટથી પેટા ચૂંટણી લડી રહેલા નરેન્દ્ર મોદીને સરળતાથી વિધાનસભામાં પ્રવેશ મળે તે માટે અહમદ પટેલે સાવ જ નબળો ઉમેદવાર મૂકી આપેલો તે જગ જાહેર છે. પરંતુ આ વખતે અહમદ પટેલને રાજયસભામાં પ્રવેશતા અટકાવવા મોદી-શાહની જુગલજોડીએ જે વ્યૂહરચના કરી અને કોંગ્રેસ પાસે પૂરતી સભ્ય સંખ્યા હોવા છતાં એમને જે વિકટ પરિસ્થિતિમાં મુકાવું પડ્યું તે વર્તમાન રાજકારણના શતમુખ વિનિપાતનો નાદર નમૂનો છે. અહમદ પટેલ સામે અંગત કારણોસર નારાજ શંકરસિંહ વાઘેલાએ બળવો પોકાર્યો એ પછી ચેતી ગયેલી પ્રદેશ કોંગ્રેસે એના ઢોળાઈ ગયેલા દૂધ પર આંસુ સારવાને બદલે જીતવા માટેની જરૂરી સંખ્યામાં ધારાસભ્યોને કર્ણાટકની કોંગ્રેસ સરકારનાં રક્ષણમાં બેંગ્લુરુ ખસેડી દઈ અમિત શાહ અને મોદીની મેલી મુરાદ બર ન આવે એવી જડબેસલાક વ્યવસ્થા ગોઠવી દીધી, જે પૈકી ફક્ત એક જ ધારાસભ્ય પાસે ક્રોસ વોટિંગ કરાવી શકાયું. વાઘેલાના વફાદાર સાથીઓએ કારકિર્દીના ભોગે પણ પાર્ટી વિરુદ્ધ વોટિંગ કરવાનો જોખમભર્યો વિકલ્પ અપનાવ્યો, છતાં અહમદ પટેલ એટલા નસીબદાર કે બે બાગી ધારાસભ્યોને ટેકનિકલ કારણોસર રદ બાતલ ઠરાવી શક્યા આથી એમની જીત સુનિશ્ચિત બની શકી અને મોદી મંત્રીમંડળના વરિષ્ઠ સભ્યોના સતત દબાણ છતાં ચૂંટણી કમિશનરને અહમદ પટેલને જીતેલા જાહેર કરવાની ફરજ પડી. અહમદ પટેલની આ જીત એ ભાજપની વ્યૂહાત્મક અને નૈતિક મૂલ્યો નેવે મૂકીને આગળ વધવાની રાજનીતિ સામે મોટી લપટાક છે. એથી ભાજપને સત્તાલક્ષી ચહેરો ઉઘાડો પડી ગયો છે. અમિત શાહ માટે એમની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની ત્રણ વર્ષની કામગીરીનો આ સૌથી મોટો પરાજય છે. અહમદ પટેલ હવે કોંગ્રેસનું પર્યાયવાચી નામ બની રહેશે અને આગામી ચૂંટણીઓમાં ભાજપે એમને ખોટી રીતે હરાવવા કરેલા કારસાની વીગતો ચૂંટણી મુદ્દો બની રહેશે. કોંગ્રેસને પ્રજાકીય સહાનૂભૂતિ મળવાની પૂરી સંભાવના છે. અલબત્ત, ભાજપ પાસે એનું હિંદુત્વ કાર્ડ અકબંધ છે, પણ સત્તા ખાતર તે કેવા ખેલ પાડી શકે છે એની પ્રતીતિ પ્રજાને જરૂર થઈ ગઈ છે, વળી આવો ખેલ મોદી-શાહના ગુજરાતમાં જ બૂમરેંગ થયો, તે સૂચક છે. બનવાજોગ કે રાજયસભાની ગુજરાતની ચૂંટણીના પડઘા ફક્ત ગુજરાતની વિધાનસભાની ચૂંટણી સુધી જ નહીં બલકે છેક ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સુધી ગૂંજતા રહેશે. કોંગ્રેસને એનો કેટલો ફાયદો પહોંચશે એ તો સમય જ કહી શકે. એટલું ચોક્કસ કે આ ચૂંટણીએ અહમદ પટેલનું નાક બચાવ્યું છે અને સામે શંકરસિંહ વાઘેલા, અમિત શાહ અને નરેન્દ્ર મોદી જેવા ખેરખાંને મોઢું સંતાડવું પડે એવી શરમજનક સ્થિતિમાં મૂકી દીધા છે.

નસકોરા બોલવા અને તેના ઉપાયો

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય

નસકોરા બોલવાએ આદિકાળથી ચાલ્યો આવતો મહાપ્રશ્ન છે. આજે વિશ્વના કુલ માનવ સમુદાયની અર્ધીથી પણ વધું સંખ્યા નસકોરા બોલવાને કારણે દુખી થાય છે અને આસપાસમાં સુતેલાઓને દુખી કરે છે. નસકોરા બોલતી વખતે શ્વસનમાર્ગ પર અવરોધ આવતો હોવાથી વ્યક્તિ શાંતિથી ઉંઘી શકતો નથી. આ સ્થિતિને 'ઓબ્સ્ટ્રક્ટીવ સ્લીપ એપ્રીયા' કહે છે. આમા વ્યક્તિને ઉંઘવા સમયે મળવાપાત્ર ઓક્સીજનની માત્રા ઘટે છે, જેના કારણે વ્યક્તિની ઉંઘ બગડે છે. નસકોરા બોલવાનું મુખ્ય ઉધારપાસું એ છે કે તેનાથી આસપાસવાળાની ઉંઘ બગડે છે. નસકોરાથી સામાજીક સબંધો પર પણ અસર પડી શકે.

આયુર્વેદના મતે નસકોરા સાથે કોઈ વ્યાધિ જોડાયેલ નથી. એમ કહી શકાય કે નસકોરા કફને કારણે બોલી શકે, આ ઉપરાંત રચનાગત ખામિઓ જેવીકે નાકનો પડદો ત્રાંસો હોવો, પોલીપ હોવા, સાઈનસ હોવા આદિ કારણો પણ જવાબદાર હોઈ શકે. આ ઉપરાંત મેદસ્વીતા અને નસકોરાને સીધો સબંધ છે. બહુ ભારે, ગળ્યો આહાર ખાવો, શારીરિક અને માનસિક શ્રમનો અભાવ તેમજ વધું પડતી ઉંઘને કારણે પણ નસકોરાની તકલીફ થઈ શકે.

આધુનિક શાસ્ત્ર પ્રમાણે જોઈએ તો જ્યારે વ્યક્તિ ઉંઘમાં હોય ત્યારેજો શ્વાસ લેવામાં અવરોધ ઉભો થાય તો સ્વાભાવિકપણે જ વ્યક્તિનું મોં ખુલી જાય છે, અને મોં દ્વારા શ્વાસ લેવાથી વ્યક્તિનો તાળવાનો સ્નાયુ વાળો કોમળ ભાગ ફફડવા લાગે છે, આનાથી જે અવાજ ઉત્પન્ન થાય તે જ નસકોરા. બીજુ એક એવું પણ કારણ છે કે વ્યક્તિ જ્યારે સુતી હોય ત્યારે જીભ અંદરની બાજુ ધકેલાય છે. આથી કંઠનો અંદરનો ભાગ સંકોચાય છે, જેથી શ્વાસમાં અવરોધ ઉત્પન્ન થાય છે અને નસકોરા બોલે છે.

તો આ નસકોરાના ઉપાયો શું? હાલની તારીખે પણ નસકોરાના ઈલાજ માટે સંશોધનો ચાલું છે. શસ્ત્રક્રીયાઓ દ્વારા નસકોરામાં થોડીઘણી સફળતા મળી છે. સૌ પ્રથમ તો મૂળ કારણને દૂર કરવું ઘટે. સાઈનસ, પોલીપ, નાકના પડદાની ખામી આદિ કોઈ રચનાગત તકલીફ હોય તો તેને દૂર કરવી જોઈએ. મેદસ્વીતાને દૂર કરવી અને નિયમીત વ્યાયામ કરવો.

આ ઉપરાંત અમુક સંશોધનો દ્વારા નસકોરા ન બોલે તે માટે ટેક્નીક વિકસાવાઈ છે. જેમકે એફ.ડી.એ સંસ્થાની ટેક્નીક સોમનોપ્લાસ્ટી. આમા એક ટાંચણી જેવી વસ્તુને તાળવામાં ચોંટાડી તેમા વિજકરંટ આપવામાં આવે છે. આથી ટાંચણીનું તાપમાન વધે છે અને આજુબાજુ તેમજ અંદરની પેશીઓ સંકોચાય છે. જેથી નસકોરામાં ફાયદો થાય છે.

જર્મનીના નિષ્ણાંતોએ એક ડમ્મી પધ્ધતિ શોધી છે. આમા એક ખાસ પ્રકારની ડમ્મી ઉંઘતી વખતે મોં માં રાખવાથી અવરોધ દૂર થાય છે અને નસકોરા બોલતા બંધ થાય છે. આ ઉપરાંત બીજી જુદી જુદી ટેક્નીકો જેવીકે ફેરેંજીયોપ્લાસ્ટી, યુ.પી.પી.પી શસ્ત્રક્રીયા પણ છે જેમા વત્તે ઓછે અંશે સફળતા મળી છે.

-contact@atharvaayu.com

શિવજી કહે, શ્રાવણમાં ભક્તોનો બહુ ત્રાસ!

મનના ઉમંગો
રણછોડ પરમાર

ભાઈ બહેનના પવિત્ર પ્રેમનું પર્વ ગયા સોમવારે ગયું.મેઘરાજા સ્નેહભૂખી બહેનો પર પૂરેપૂરા મહેરબાન ન હતા એટલે જેવી બહેનો સવારમાં વહેલી તૈયાર થઈ ભાઈઓના ઘેર જવા ઉત્સાહભેર નીકળી એવા જ મેઘરાજા પણ રખેને ભાઈ બહેનોની દોડાદોડીમાં શંકર ભગવાન જળ વગરના રહી જશે તો એવું વિચારી શિવજીના માથે વરસવા આવી ગયા. શિવજીને તો કંઈ વાંધો ના આવ્યો પણ બહેનોની નવી નકોર સાડીઓ પલળી ગઈ. ભાણેજડાંને આમ જુવો તો વરસાદને હથેળીઓમાં ઝીલવાની મઝા પડી. પણ મમ્મી લડશે એ ભયે હોઠ બીડીને આકાશમાંથી વરસતી સ્નેહાધારાને ઊંડા ઊંડા શ્વાસ લઈ માણતા રહ્યા. રીક્ષાવાળાઓને તડાકો પડ્યો. આમે ય રક્ષાબંધન જેવા તહેવારોમાં અમદાવાદ- ગાંધીનગરના રીક્ષાચાલકોને દિવાળી હોય છે, એમાં પાછો વરસાદ આવી પુગ્યો એટલે એમને તો તો આકાશમાંથી પાણી નહીં પણ પૈસા પડતા હોય એવું જ લાગ્યું હશે.(પૈસા કંઈ આકાશમાંથી પડતા નથી એવો રૂઢીપ્રયોગ આવા જ કોઈ પ્રસંગ પરથી પ્રગટ થયો હશે ને ?) કંઈ વાંધો નહીં આ વખતે એમની બહેનો અને ભાણીયાઓના નસીબમાં થોડો વધારે લાભ હશે.બીજું શું ?

રક્ષાબંધન ગયું, એટલે કે અડધા ઉપરાંતનો શ્રાવણ માસ પસાર થઈ ગયો.રોજ કેલેંડર જોતાં મારા જેવા ઉપવાસીને સુખેદુખે અડધો મહીનો પસાર થઈ ગયાનો થોડોક સંતોષ પણ થતો હશે. અઠવાડિયા પછી જન્માષ્ટમી આવશે.આ વખતે ગરબડ એ થઈ છે કે જન્માષ્ટમી અને પંદરમી ઓગષ્ટ એક જ દિવસે આવે છે.તેથી સરકારી કર્મચારીભાઈઓને ચોખ્ખી એક રજાની ખોટ ગઈ ! અરે, આપણા સ્વાતંત્રયના દિવસે જ ભૂખ્યા રહીને આપણા વડાપ્રધાનશ્રીના ઉત્સાહજનક ભાષણથી પેટ ભરવાનું? જન્માષ્ટમીના કારણે જાતજાતનું અને ભાતભાતનું ફરાળ ખાવા મળશે એટલે લહેર પડવાની . એ પહેલાં વળી રાંધણછઠની સાંજે અવનવી વાનગીઓ ચાખવા શું બરાબર ઠાંસીને ખાવા મળશે. હવે તો ફરસાણવાળા રાંધણ છઠ્ઠની વડાં અને ઢેબરાં જેવી વાનગીઓ પણ બનાવી બનાવીને વેચે છે. (કે પછી વેચી વેચીને પૈસા બનાવે છે કે તમને બનાવે છે તે સ્વયં નક્કી કરજો.) આપના સેક્ટરમાં આવેલી ફરસાણની દુકાને જઈને કોઈવાર નિરાંતે ત્યાં વેચાતી ફરાળી વાનગીઓની યાદી જોશો ને તો પણ પેટ ભરાઈ જશે. (હાય, વાનગીઓના નામ વાચવાથી કે નેતાઓના પ્રવચન સાંભળવાથી જો પેટ ભરાતું હોત તો દેશમાં કોઈ ભૂખ્યું ના હોત !) મારા જેવાને શીતળાસાતમના દહાડે ઠંડુ ખાવાની કશી મઝા આવતી નથી (કોલેજમાં ભણતો હતો ત્યારે હું હોટલમાં મસાલા ઢોસો ખાઈને ઘેર આવતો અને પછી મુખવાસમાં મારી માતાના ગુસ્સાભર્યા વેણ આરોગતો. તેહી નો દિવસો ગતાઃ હવે કોક દિન ઈદ તો કોક દિન રોઝા એ ન્યાયે ફરજીયાત સુખેદુખે ચલાવી લેવાનું ફાવી ગયું છે . આમેય સાઈઠ વરસ ગયા પછી આપણને બધી બાબતમાં (અલ્પ) સુખે અને (ઝાઝા) દુખે ચલાવી લેવાનું ફાવી ગયું હોય છે એટલે સમાજમાં સંવાદિતા જળવાઈ રહે છે .

ધાર્મિક ઉપવાસ અને સ્વાદિષ્ટ ફરાળની વાતો ઘણી કરી . હવે થોડીક કવિતાની વાત કરીશું ? આ વખતે તો મને મારી જ કવિતા તમને સંભળાવવાનુ (મતલબ કે માથે ફટકારવાનું) મન થયું છે. આ મહિનામાં આસુતોષના માથે કેટલા બિલીપત્રના ઢગલા ખડકાયા હશે, કેટલા કેન ભરાય એટલા દૂધનો અભિષેક થયો હશે, કેટલા જળના ધોધ પડ્યા હશે, બેસુમાર ફૂલોની સુગંધથી અકળાઈ જવાયું હશે. દીવો કરતા ઘણાએ દઝાડ્યા પણ હશે. છતાં ભોળા શંભુ ભાવિક ભક્તોનો પ્રેમત્રાસ જેમ મૌન રહીને સહી લે છે તેમ આપ મારી એક કવિતા સહન નહીં કરી શકો ? જો કે ભોળા શંભુ જોડે તમારી સરખામણી કરવી યોગ્ય નથી તેથી કવિતાની સાથોસાથ આ સરખામણી પણ સહન કરી લેશો એવી આશા રાખું છું. ગુજરાતની મુલાકાતે આવતા સર્વે રાજકારણીઓ અમદાવાદના ગાંધી આશ્રમની મુલાકાત અવશ્ય લે છે. આપણે ગાંધી આશ્રમની બરોબરી કરવા આપણા શહેરમાં યે એક ભવ્ય મહાત્મા મંદિર બનાવી દીધું છે. એની મુલાકાત લેવાની પણ ફેશન શરૂ થવા માંડી છે. મહાત્મા મંદિરમાં મથાળે રેંટિયાની આકૃતિ બનાવી છે ખરી. પણ ભીતરમાં ફોટો પડાવવા જેટલી રેટિયો કાંતવાની વ્યવસ્થા કરી છે કે નહીં એની મને ખબર નથી. કારણ કે હજુ આ ભવ્ય મહાલયની મુલાકાત લેવાની હૃદયમાં કદી ઈચ્છા ઉદભવી નથી. લોકનેતાઓ ગાંધીમુલ્યો માટે કેટલો આદર ધરાવે છે અને ખાસ તો કેવી સદભાવનાથી ઉપવાસ કરે છે તે આપણે બધા જાણીએ છીએ.ઝાઝી વાતો ન કરતાં હવે કવિતા રજૂ કરું છું.

શ્રાવણમાં શિવજી પૂજે, માતા આસો માસ, રામ-કિશન જન્મે પૂજે, ગાંધી બારે માસ.

મોંઘેરા મહેમાન સહુ આવે ભારત દેશ, આશ્રમમાં પગલાં પડે, એનાં ખાસ મ ખાસ. કોઈ કાંતે રેટિયો, કોઈ નીરખે હાસ ,

આંટી સુતરની ગળે પહેરી કરે ઉલ્લાસ.
સત્ય,અહિંસા, પ્રેમની વાતો કરતા જાય,
શું કરીએ તો દેશના લોકે થાશે હાશ.
મેવા ને મિષ્ટાન સૌ ટેબલ પર ખડકાય, એ ક્યાંથી સમજે ભલા, ગાંધીના ઉપવાસ ?

'બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર, પંથી કો છાયા નહિ ઔર ફલ લગે અતિ દૂર

લાગણીનો મેળો
રસિક વાળંદ

કરવત, કાનસ લઈ હથોડો,
ઈશ્વરજી તો બેઠાજી.
આરસ, પથ્થર, માટી લે,
પણ માણસજી ન બનતાંજી

- મેઘનાથ ભટ્ટ

એક મહાશય જે બે માણસ વચ્ચે બેઠા હોય ત્યારે કોઈ પણ વસ્તુના બહાને અચૂક 'હુકમ છોડે...' 'આ લાવજો... તો લાવજો...' અરે, ઘરમાંથી બહાર નીકળે ને પાણી મંગાવે... કાં તો સીડીના બે - ચાર પગથિયાં ઉતરે ને બાઈકની ચાવી કે મોબાઈલ...એવું કંઈક ને કંઈ યાદ આવે... ને અચૂક બૂમ પાડે... આ એમનો નિત્યક્રમ... બીજા ઉપર રોફ જમાવવામાં માહેર એવા આ મહાશય એક નાનકડી સંસ્થાના વડા - ઉપરી છે.

દોમ દોમ સાહ્યબી ભોગવનારા ધનાઢ્યોને જયારે મળું છું ત્યારે ગીતાકથિત 'શુચિનાં શ્રીમતાં ગેહે...' શ્લોક યાદ આવી જાય છે. શ્રીમંતો 'શુચિ શ્રીમાન્' હશે જ !!! પરંતુ કયારેક દુહામાં કહેવાયું છે એમ ;

'બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર,
પંથી કો છાયા નહિ ઔર ફલ લગે અતિ દૂર'

સમાજમાં આવા અપવાદ રુપ ધનકુબેરો પણ છે, કે જેઓ પોતાના જેવા 'સમકક્ષ' ને જ માણસ તરીકેનું માન સન્માન છે. નખશિખ ખાનદાની ને મેલીઘેલી કે હલકી માનનારી ઉજળાં ને મોંઘા વસ્ત્રોમાં લપેટાયેલી શ્રીમંતાઈ સિફતપૂર્વક છેટી રહેતી મેં બરાબર ભાળી છે. ડ્રાઈવર પોતાની સીટ પરથી ઊતરીને દોડીને દરવાજો દરવાજો ખોલે પછી જ ગાડીમાંથી ઉતરનારા... પોતાના પગરખાં સાફ કરાવનારા... ઑફિસના પ્યૂન પાસે ઘરકામ કરાવનારા... ટિફિન લઈને આવનારો નોકર ઘરના આંગણામાં લુખું સુકૂં ખાય... ભલેને વધેલી રસોઈ ફેંકી દઈએ પ...ણ... આવી ટેવ ન પડાય આવું માનનારાં... રખે ને કંઈક ભૂલ કરી બેસે ત્યારે મનમૂકીને ખખડાવી નાખનારા... લોકોને જોઈ દિલ બળે છે... આવા લોકો પ્રત્યે ભારોભાર ચીડ છે.

ઘણીવાર મોટા ઘરનો આ ભલો ભોળો નોકરવર્ગ અમારા જેવા પરિચિતના હાથમાંથી થેલાથેલી પણ વગર કહ્યે ઊંચકી લે... સાહેબ ખાલી હાથે અક્કડ ચાલતા હોય ને ગાડીનો ડ્રાઈવર સાહેબનું ખાલી ટિફિન મૂકવા ઘેર આવે... પોતાનાથી થાય એવા મામૂલી કામ બીજા પાસે કરાવનારા આ મહાશયો પરસેવો પાડવા રોજ જીમમાં જતા હોય છે! મને ઘણીવાર પ્રશ્ન થાય છે કે એક માત્ર અહં સંતોષવા માટે મેન્ટલી, ફિઝિકલી હેલ્થી માણસે આવું કરવું યોગ્ય ખરું ?!

અરે, નવાઈની વાત તો એ કે લિફ્ટનું બટન દબાવવા પેલો સિક્યુરીટી ગાર્ડ દોડીને આવે... મને તો આ ન ગમ્યું!! પ... ણ... મારી સાથેના સાહેબ માટે તો પ્રેસ્ટીજ ઈશ્યુ હતો... સાહેબ, મેડમ કે મોટા જણાતા ખાસ વિશેષ વ્યક્તિને જોતાં વેંત ઊભા થઈ જવાનું... ઘણા ગાર્ડ્સને તો આદત જ પડી ગઈ હોયકે જતા આવતા તમામ ને સેલ્યુટ મારે... આ લોકો આવું કેમ કરતા હશે તે તો જ જાણે. પરંતુ સેલ્યુટ ના જવાબમાં સામેની વ્યક્તિ એક નાનકડું 'સ્મિત' (-સ્માઈલ!) આપે તોય ઘણું. પ... ણ, ના અબુધ નોકરનું અસ્તિત્વ આ 'મોટા'ની નજરે થોડું ચડે ?!

નાના માણસોની પારદર્શક ભલમનસાઈને 'બક્ષિસ'ની લાલચમાં ખપાવી દેતા હોય છે. નાના વ્યક્તિઓની ભાવુકતા કે માનભર્યા આદર સત્કાર્ય પાછળ કંઈક 'સ્વાર્થ' હશે એવું માની લઈ ભારોભાર અન્યાય કરી બેસતા હોય છે. રાત-દિવસ-વફાદારી વેંઢાણીને જાત કરતાં પણ વધારે સાહેબની કાળજી રાખનારો આ ગરીબ ચહેરો' સાહેબ રાજી તો કરી દેશે.' એવું સ્વપ્નું આંખે આંજી રાખે એમાં કંઈ ખોટું પણ નથી. નાના ને મન તો સાહેબ રાજી થાય ને રીઝે એટલું જ હોય.... ને...!

મોટા સાહેબ ઉંમરમાં સેવકભાઈ (પટ્ટાવાળા) કરતાં નાના હોય છતાં તુંકારે બોલાવે.... નાનાં બાળકો 'વોચમેન' કહીને ભૂમ પાડે... નોકરબાઈને બચ્ચાં તુંકારે બોલાવે... મિત્રો, વ્યક્તિનો સામાજિક, આર્થિક દરજ્જો ભલે નીચો હોય પણ એનું માન તો સચવાવું જોઈએ ને? શું સેલ્ફ રિસ્પેક્ટ માત્ર આપણને જ હોય, આપણા માટે કામ કરનારાને નહિં ?

દોસ્તો, પદોન્નતિ મળે... પૈસો મળે... કે પ્રતિષ્ઠા સાંપડે એ તો જીવનની ફલ પ્રાપ્તિ છે... પચાવતાં શીખીએ... પેલાં વૃક્ષોની જેમ જમીન તરફ ઝૂંકતાં શીખીએ...!!!

સ્પર્શમણિ

એ લોકો તમારી કિંમત કયારેક નહિ સમજી શકે,
જેના માટે તમે કાયમ Available રહો છો.

- કાજલ ઓઝા વૈદ્ય

● ● ●

હાથમાં ટચવાળો ફોન રાખવાથી Status નથી
બનતું સાહેબ,
બધા સાથે touchમાં રહેવાથી status બને છે.

Rasikvaland1965@gmail.com